# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 12-12-2024** **Midday : 2.30 to 2.35pm**
**Day: THURSDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

------------------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

**CM TWO YEARS...NARODA SHRAMIK KENDRA**

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના પ્રથમ શ્રમિક સુવિધા કેન્દ્રનું અમદાવાદમાં લોકાર્પણ કર્યું હતું.. મુખ્યમંત્રીએ આ શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્રમાં જઇને શ્રમિકોને ભોજન પીરસ્યું હતું.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના નેતૃત્વની સરકારના બે વર્ષની ઉજવણીના ભાગરૂપે નરોડામાં આ શ્રમિક સુવિધા કેન્દ્રનું ઉદઘાટન કર્યું હતું.

કડિયાનાકે રોજગાર અને કોન્ટ્રાક્ટચ્યુલ લેબર વર્ક માટે એકઠા થતા શ્રમિકો માટે ભોજન અને રિફ્રેશમેન્ટ માટે આ કેન્દ્રનો આરંભ કરાયો છે.. અમદાવાદમાં કુલ ૧૧ સહિત રાજ્યભરમાં આવા શ્રમિક સુવિધા કેન્દ્રો બનાવવાની રાજ્ય સરકારની નેમ છે.

(બાઇટ-સીએમ)

શ્રમિક સુવિધા કેન્દ્રમાં બેસીને જમવા માટેના ઓટલા, વોશરૂમ સહિતની પાયાની સુવિધાઓ ઉપલબ્ધ છે. આ સાથે, લેબર કોન્ટ્રાક્ટર્સ અહી આવીને જરૂરિયાત મુજબના શ્રમિકોને શોધી કે મળી શકશે, સાથે-સાથે શ્રમિકોને તેનું મહેનતાણું આપી શકે તે માટે પણ આ કેન્દ્રનો ઉપયોગ થઈ શકશે.

કડિયાનાકે જાહેર માર્ગ પર ઉભા રહેવાને બદલે હવે આ શ્રમિક સુવિધા કેન્દ્રમાં બેસીને શ્રમિકો ટાઢ તાપ કે વરસાદથી રક્ષણ મેળવી શકશે.

મુખ્યમંત્રીએ શ્રમિક સુવિધા કેન્દ્રનું લોકાર્પણ કર્યું તે સ્થળે અમદાવાદનું ૯૯મું અને રાજ્યનું ૨૯૧ મું શ્રમિક અન્નપૂર્ણા કેન્દ્ર પણ શરૂ કરવામાં આવ્યું છે.

## Opening ceremony

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આવતીકાલે રાજકોટ મહાનગરપાલિકાના ૭૯૩ કરોડ ૪૫ લાખ રૂપિયાના વિવિધ વિકાસ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

આ કાર્યક્રમમાં રાજકોટ મહાનગરપાલિકાના પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિર્માણાધિન ૧.૫ BHK ના ૧ હજાર ૧૦ આવાસ ફાળવણીનો કોમ્પ્યુટરાઈઝ્ડ ડ્રો પણ કરવામાં આવશે.

આ અંગે આજે મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયાના અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ હતી. જેમાં કાર્યક્રમ અંતર્ગત જરૂરી માર્ગદર્શન અને સૂચના અપાઈ હતી

## DAHOD BAL PRADARSHAN

દાહોદ જિલ્લા કક્ષાનું બાળ વિજ્ઞાન પ્રદર્શન સનરાઇઝ પબ્લિક સ્કૂલ દાહોદમાં શિક્ષણ મંત્રી કુબેર ડિંડોરના અધ્યક્ષ સ્થાને યોજાયુ હતું. ટકાઉ ભવિષ્ય માટે વિજ્ઞાન અને તકનિકીની થીમ પર યોજાયેલા આ પ્રદર્શનમાં  પ્રાથમિક વિભાગ ની 45 અને માધ્યમિક વિભાગની 25 મળી કુલ 70 કૃતિઓ એ જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી ભાગ લીધો હતો આ પ્રદર્શનનું ઉદઘાટન કરતાં શિક્ષણ મંત્રી ડોક્ટર કુબેર ડિંડોરે જણાવ્યુ હતું કે આજનો યુગ ટેકનોલોજીનો છે અને તેના દ્વારા નવી પેઢી આગળ વધે તેવા સરકાર દ્વારા પ્રયાસો હાથ ધરાઇ રહ્યાં છે.

(Byte -ડો.  કુબેર ડિંડોર શિક્ષણ મંત્રી)

## Tech Expo 2024

અમદાવાદમાં 20 અને 21 ડિસેમ્બરના રોજ વિજ્ઞાન ભવન, સાયન્સ સિટી ખાતે “ટેક એક્સ્પો ગુજરાત 2024” યોજાશે. આ કાર્યક્રમમાં ત્રણ હજારથી વધુ સહભાગીઓ ભાગ લેશે. **મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ તેનું ઉદઘાટન કરશે. આ પ્રદર્શન** ઉદ્યોગોમાં સહયોગ, નવીનતા અને ડિજિટલ પરિવર્તનને પ્રોત્સાહન આપવા અને ગુજરાતના IT ક્ષેત્રના વિકાસને નવી ગતિ પ્રદાન કરવા માટેનું મહત્વપૂર્ણ પ્લેટફોર્મ બનશે.

ટેક એક્સ્પોનો હેતુ ગુજરાતમાં IT ઉદ્યોગના વિકાસને પ્રોત્સાહન આપવાનો છે, જેથી આગામી ત્રણ વર્ષમાં રાજ્યનું IT ક્ષેત્ર તેનો હિસ્સો બમણો કરી શકે.

## Irrigation water

અરવલ્લી જિલ્લાના વિવિધ જળાશયોમાંથી સિંચાઈ માટે પાણી છોડવામાં આવ્યું છે. હાલ ખેડૂતોએ બટાકા તેમજ ઘઉંના પાકનું વાવેતર કર્યું હોવાથી તેમની માંગ મુજબ,મોડાસાના માઝમ, શામળાજીના મેશ્વો, માલપુરના વાત્રક સહિતના જળાશયોમાંથી તબક્કાવાર પાણી છોડવાની શરૂઆત કરાઈ છે. સિંચાઈનું પાણી છોડાતા ખેડૂતોને લાભ થશે.

## Arms Firing Practice

ભુજ તાલુકાના હરીપર નજીક આવેલી ફિલ્ડ ફાયરિંગ રેન્જ નં.૨ ઉપર ૧૩મી અને ૧૪મી ડિસેમ્બરે આર્મ્સ ફાયરિંગ પ્રેક્ટિસ યોજાશે. જેથી ફાયરિંગ રેન્જમાં કોઇપણ વ્યક્તિઓએ પ્રવેશવું નહીં અથવા પશુઓને પ્રવેશવા દેવા નહીં. તેમ છતાં કોઇપણ વ્યક્તિ ફાયરિંગ રેન્જમાં પ્રવેશ કરશે તો તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેમજ તે વ્યક્તિને કે ઢોરોને કોઇ નુકશાન થશે તો તેની સંપૂર્ણ જવાબદારી જે તે વ્યક્તિની રહેશે તેમ સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટ, ભુજ-કચ્છ દ્વારા જણાવાયું છે.

# MID BREAK- NEWS-REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો.

આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો.

વધુ સમાચાર માટે આપ અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડર સ્કોર ABAD ને ફોલો કરી શકો છો..